1. ભારતના ભાષાકીય માળખાનો ખ્યાલ આપો. (March 18, 19)

➢ ભારતમાં હિન્દી સૌથી વધુ બોલાતી ભાષા છે. બીજા ક્રમે બંગાળી ભાષા છે. અંગ્રેજી ઉપરાંત 22 ભાષાઓ રાજ્યમાન્ય ભાષાનો છે. ગુજરાતી ભાષા દેશમાં સાતમું સ્થાન ધરાવે છે. ભાષાનો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા સાથે ગાઢ અને ભાવાત્મક સંબંધ છે. ભારતમાં તેલુગુ, મરાઠી, તમિલ, કન્નડ, મલયાલમ, ઉડિયા, પંજાબી, અસમી, સિંધી, મણિપુરી વગેરે ભાષાઓ બોલાય છે.

2. વસ્તીના માળખામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

➢ સ્ત્રીપુરુષ પ્રમાણ, ગ્રામીણ વસ્તી, શહેરી વસ્તી, સાક્ષરતા, વયજૂથો, વ્યાવસાયિક માળખું, વસ્તીનું વંશીય માળખું, ભાષાકીય માળખું, ધાર્મિક માળખું, વસ્તીવધારો વગેરે બાબતોનો સમાવેશ વસ્તીના માળખામાં થાય છે.

3. માનવવિકાસ માટે જરૂરી બાબતો સ્પષ્ટ કરો.

➢ માનવવિકાસ માટે સમાનતા, સ્થિરતા, ઉત્પાદકતા, સશક્તિકરણ ઉપરાંત વ્યક્તિને તેની બુદ્ધિ, શક્તિ, આવડત અને ક્ષમતા મુજબ વિકાસની તકો, તંદુરસ્ત અને આરોગ્યમય લાંબું જીવન, શિક્ષણની સુલભ તકો, સામાજિક અને રાજકીય અધિકારોની ઉપલબ્ધિ વગેરે જરૂરી બાબતોનો સમાવેશ થાય છે.

4. નદીના ખીણપ્રદેશમાં વધુ વસ્તી હોય છે. શા માટે?

➢ નદીના ખીણપ્રદેશની જમીન રસાળ અને વધુ ફળદ્રુપ હોય છે. અહીં પાકની ઊપજ કે ઉત્પાદન વધુ હોય છે. મર્યાદિત જમીનમાં પણ ઘણા માણસોનું પોષણ થઈ શકે છે. અહીં વસતા લોકોને નદી બારે માસ પાણી પૂરું પાડે છે. તેથી નદીના ખીણપ્રદેશમાં વધુ વસ્તી હોય છે.

5. કારણ આપો : ઊંચા પર્વતો અને ઊંચાઈએ આવેલા પ્રદેશોમાં લોકો ઓછી સંખ્યામાં રહે છે.

➢ આ વિસ્તારોમાં ખેતી માટે સમતલ ભૂમિ નથી. સિંચાઈની કે પરિવહનની સેવાઓનો અભાવ હોય છે. ઊંચાઈ પર માનવજીવન હાડમારી ભર્યું રહે છે. તેથી ઊંચા પર્વતો કે ઊંચાઈએ આવેલા પ્રદેશો ઓછી વસ્તીવાળા બન્યા છે.

6. ભારતની વસ્તીને વયજૂથોના આધારે કેટલા ભાગમાં વહેંચવામાં આવી છે? કયા કયા? (July 18)

➢ ભારતની વસ્તીને વયજૂથોના આધારે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે. (1) કિશોરવર્ગ : 15 વર્ષથી ઓછી વય (2) યુવાવર્ગ : 15થી 59 વર્ષની વય (3) પ્રૌઢવર્ગ : 60 વર્ષથી વધારે વય